(૫૬)

તા. ૫/૭/૨૦૧૯ ) શુક્રવાર / ખબર

# ચેમ્બર હોલમાં આગામી સોમવારે પોસ્ટ બજેટ સેમિનારનું આયોજન

## જાણીતા કરવેરા નિષ્ણાંત જીગરભાઇ પટેલ બજેટ જોગવાઇઓનું વિશ્લેષણ કરી માર્ગદર્શન આપશે

**ખબર-જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુ.આઇ.આર.સી ઓફ આઇ.સી.એ.આઇ, ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન તથા ઇન્કમટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન, જામનગરના સયુંકત ઉપક્રમે જામનગર ચેમ્બર ખાતે કેન્દ્રીય બજેટ-૨૦૧૯-૨૦૨૦ અંગે એક માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનારનું આયોજન આગામી તા.૦૮-૦૭-૨૦૧૯ સોમવારના રોજ સાંજના ૪ કલાક થી ૬:૩૦ સુધી ''ધીરૂભાઇ અંબાણી વાણિજય ભવન'', જામનગર-રાજકોટ હાઇવે, સુભાષ બ્રિજ નજીક, જામનગર સ્થળે કરવામાં આવેલ છે. આ સેમિનાર વિના મુલ્યે યોજવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે કેન્દ્રીય નાણામંત્રી દ્વારા આગામી તા.૦૫-૦૭-૨૦૧૯ના રોજ બજેટ રજુ કરવામાં આવશે. જે બજેટની સંપુર્ણ માહિતી અને માર્ગદર્શન આપવા માટે આ સેમિનારમાં ગુજરાતી વકતા તરીકે અમદાવાદના જાણીતા વકતા અને કરવેરાના નિષ્ણાંત જીગરભાઇ પટેલ ખાસ ઉપસ્થિત રહી બજેટ ૨૦૧૯-૨૦ અંગે વિશ્લેષણ કરી છણાવટપુર્વક માર્ગદર્શન આપશે. જીગરભાઇ પટેલે ન્યુ યોર્ક સ્કુલ ઓફ લો માંથી પોતાની કાયદાની ડીગ્રી મેળવેલ છે અને અમેરીકામાં ન્યુ યોર્ક યુનિવર્સિટીમાં ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ લીડરશીપ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય છે. તેઓ વિશ્વ વિખ્યાત કંપનીઓના સલાહકાર તરીકે કાર્યરત છે. ઇન્કમટેકસ અને કોર્પોરેટ ટેક્ષ વિષય પર અનેક ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકલના સહલેખક રહેલા જીગરભાઇ પટેલ પ્રથમ વખત જામનગરમાં પોતાનું વકતવ્ય આપવા માટે ચેમ્બરના આમંત્રણને માન આપી પધારવાના છે. ઉપરોકત સેમિનાર ખુબ જ ઉપયોગી હોય આથી ચેમ્બરના તમામ સભ્યઓ તથા રસ ધરાવતા સહું કોઇને આ સેમિનારમાં ભાગ લેવા અનુરોધ કરાયો છે.